

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'પાંચ' ને 'સાત' તારાનાં સપનાં બતાવ્યા કરે છે,*
*ગમે તેની સરકાર હોય સૌ સતાવ્યા કરે છે,*
*જતાવ્યા ન કરો તમે પણ ખોટી આશા 'હે પ્રભુ'!*
*સ્ટેશને જવાનો રસ્તો નથી ને પટાવ્યા કરે છે.*
*(નગરનું રેલવે સ્ટેશન - ફાઈવ સ્ટાર!!)*

### હાઈકુ

*આવે ન એન્ટ્રી -*
*ખેલ-મહાકુંભમાં -*
*ખાંડાના ખેલ...*
*(રાજકીય ખટપટો)*

*છૂપાવે વેશ,*
*લોકશાહી બૂરખે -*
*આતંકી દેશ...*
*(પાકિસ્તાન)*

### ચિંતન

*લોક એવ ગત લોચનત્રપ: કસ્ય વા ન વિવૃણોતિ વાચ્યતામ્ ।*
*લોચનોત્સવમશેષ જીવનં યત્કલંકયતિ ચંદ્રમંડલં ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ' નામના બીજા અધ્યાયનો આ શ્લોક કહે છે કે લોકોની જીભે તાળું ન મારી શકાય એ તો બધાનું ભલું-બૂરું બોલવાના જ છે. (લોકોમાં મોટે ભાગે દોષદૃષ્ટિ હોય છે, ગુણોને જોનારા, હકારાત્મક દૃષ્ટિવાળા બહુ જ ઓછા હોય છે - બધાના આચરણ-સ્વભાવમાં લોકોને દોષ બહુ ઝડપી દેખાય છે ન હોય તો ઝીણવટભરી નજરે શોધી કાઢે છે.) એ ગમે તેવા સદ્ગુણી ચારિત્ર્યવાન લોકોના દોષ શોધી કાઢી જાહેરમાં તેની ટીકા-નિંદા પણ કરતા રહે છે.

અરે! ચંદ્ર જેવો ચંદ્ર જે બધાને શીતળતા આપનાર, પ્રકાશ આપનાર અને નેત્રોને વિના કારણ ટાઢક આપે છે તેને પણ 'કલંકિત' કહેતાં અચકાતા નથી.

### સુવિચાર

- માનવીમાં શ્રદ્ધા કાયમ રહેતાં બહુ બધી અંધશ્રદ્ધાના વિષચક્રથી બચી જવાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તું સદા અડચણ - પળોજળ, હાડમારી FACE કરે છે,
  એટલે જ તો તું તને, Always બધે SUCCESS કરે છે - **ઈલીયાસ શેખ**
- તેજોમય બનવા ઊગવું પડે - **અખંડ આનંદ**
- શક્ય હોય ત્યાં સુધી કોઈના પણ નાજુક ઈગોને ના સ્પર્શવું - **સુરેશ દલાલ**
- જેનામાં શાંતિનો નિવાસ નથી, તેના બધાં જ સદ્ગુણ વ્યર્થ છે - **શાંતિસૂત્ર**
- પરસેવો પાડ્યા વિના બુદ્ધિ ના મળે...
  પરિશ્રમ બુદ્ધિપૂર્વકનો ન હોય તો તેને મજૂરી કહેવાય - **ફાધર વાલેસ**
- આજનું ઔષધ : હળદર સાથે પાણી પી જવાથી સતત હેડકી આવતી હોય તો તરત બંધ થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ મજહબ, જેહાદ, ધર્મ-કોમ ને નામે 'આતંક' ખેલાય છે નિર્દોષ સ્ત્રી-બાળકોની હત્યા થાય છે - શું આ ધર્મ કે ઝનૂન?!

ઈબ્રાહીમ ગાર્દી મરાઠા તોપખાનાનો અધિપતિ હતો. ધાર્મિક-દેશપ્રેમી હતો.

બાદશાહ અહમદશાહ અબ્દાલી સાથે મરાઠાઓનું યુદ્ધ ચાલતું હતું. અત્યારે એક દૂત મૂસલમાન ઈબ્રાહીમ ગાર્દીને મળવા આવ્યો - કહ્યું હું અબ્દાલીનો વિશ્વાસુ અને સાચો મુસલમાન દૂત છું. ગાર્દીના પગ પાસે સોનામહોરની કોથળી મૂકીને કહ્યું - તમે પણ સાચા મુસલમાન છો. મરાઠાની તોપોના નિશાન બદલી નાખો! બાદશાહ તમને ન્યાય કરી દેશે - ધન-દોલત-જાગીર આપશે!

ગાર્દીએ ગુસ્સે થઈ કહ્યું - જો તું દૂત ન હોય તો તો હું તારું માથું હમણાં જ વાઢી નાખત - લૂંટારા ખૂન આતંકી અબ્દાલી મુસલમાન નથી - નિર્દોષોની હત્યા કરે છે. હિંદુસ્તાન મારી જન્મભૂમિ છે તેના પ્રત્યે મને મહઝબ જેટલો જ પ્રેમ છે હું ગદ્દારી કરી શકું નહીં - ચાલ્યો જા!

# તમે છંછેડી બેઠા કાળી નાગને...હવે રોકી રોકાશે નહીં આગને!

**તંત્રીસ્થાનેથી...**

કોઝીકોડે ખાતે મળેલ પાર્ટીની રાષ્ટ્રીય પરિષદમાં પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન સામે ફિલ્મી ઢબે પડકાર ફેંક્યો છે અને જો પાકિસ્તાન ભારત સામે લડી લેવાના જ મૂડમાં હોય તો પોતે એ પડકાર સ્વીકારવા તૈયાર હોવાનું જણાવી દીધું છે. મોદી આમ પણ પડકારની જ ભાષા વાપરવા ટેવાયેલા છે, એટલે એમના મુખે ઝનૂનભર્યું ભાષણ પ્રગટે તે કોઈ નવાઈની વાત નથી. પરંતુ મોદીને હવે એ મુદ્દે જરુર પસ્તાવો થતો હશે કે પોતાની વધુ પડતી રાજકીય કુનેહ દાખવવા જતાં પાકિસ્તાન સાથે તો કમ કે કમ ભેખડે જ ભરાઈ ગયા છે. કાશ્મીરમાં સતત કાર્યક્રમો ગોઠવીને અત્યાર લગીના આગેવાનો કરતાં પોતે ચડિયાતા હોવાનું પુરવાર કરવા મથતા મોદીએ પીડીપી સાથે અકુદરતી ગઠબંધન રચીને શ્રીનગરમાં ભાજપને અડધોઅડધ સત્તા અપાવવામાં મેળવેલી સફળતા સમય જતાં બૂમરેંગ થઈ છે. કોંગ્રેસ અને નેશનલ કોન્ફરંસની કાશ્મીરનીતિ કે પાકિસ્તાન સાથેના સંબંધોની રણનીતિ કરતાં મોદીની રાજનીતિ તદન જુદી રહી છે. એ તો શપથવિધિમાં જ પાક વડાપ્રધાનને હાજર રાખીને પોતે મોટો મીર માર્યો હોય એવાં ખ્યાલોમાં રાચતા હતા. એ પછી સાઉદી અરેબિયાથી પાછા વળતાં ગોપનીય ઢબે નવાઝ શરીફના કૌટુંબિક પ્રસંગમાં હાજરી આપવા પહોંચી જઈ એમને દુનિયાને આશ્ચર્યચક્તિ કરી દીધી હતી. પરંતુ આ પૈકીનો એકે નુસખો કારગત ન નીવડ્યો અને નવાઝ શરીફની શરાફત આખરે 'કાશ્મીર લે કે રહેંગે'ની પ્રતિજ્ઞામાં પરિણમી. હવે આ પ્રશ્ન આંતરરાષ્ટ્રીય મંચ પર ચર્ચાઈ રહ્યો છે ત્યારે મોદી ઉરી હુમલાનો બદલે લેવાના પડકાર ફેંકે છે, તે પણ કાશ્મીરથી તદન સામા છેડે આવેલા કેરળમાં જઈને. રાહુલ ગાંધીને મોદીની પાકિસ્તાનનીતિ ભૂલભરેલી લાગે છે એમ દુનિયાભરના ડાહ્યા માણસો પણ યુદ્ધ જેવી પરિસ્થિતિ સરજાઈ રહી છે એથી ચિંતિત છે. પાકિસ્તાનને પડકારવું એટલે વાંદરાને દારૂ પાઈને છંછેડવા જેવી બાબત છે. 'પહેલો ઘા રાણાનો' એ ન્યાયે હર હંમેશા જયારે જયારે યુદ્ધ થયું છે ત્યારે પહેલો હુમલો પાકિસ્તાન જ કરતું રહ્યું છે. એ જુદી વાત છે કે ભારતે ભારે ખુવારી વેઠીને પણ છેવટે જંગ જીતતું રહ્યું છે. આ વખતે પણ યુદ્ધ છેડાશે તો ભારત જીતવાનું જ છે, એ ખુદ પાકિસ્તાન પણ જાણે છે. પરંતુ કાશ્મીર મુદ્દો જીવંત રાખવા પાકિસ્તાન એને ઈસ્લામિક દેશો સમક્ષ જેહાદનું સ્વરુપ આપી રહ્યું છે. તે પણ ન ભૂલવું જોઈએ. ચીન અને રશિયાના સૈનિકો પાકિસ્તાનમાં સંયુક્ત લશ્કરી કવાયત કરી રહ્યા છે, તે શું સૂચવે છે? અમેરિકા ૯/૧૧ના હુમલામાં સાઉદી અરબના પાઈલોટો હોવા છતાં સાઉદી અરબ સાથે મીઠા સંબધો ટકાવી રાખવામાં શ્રેય માને છે. આ ઈસ્લામિક દુનિયા સાથે બાથ ભીડતાં અમેરિકા જેવી મહાસત્તા પર ફૂંકી ફૂંકીને ડગ માંડતી હોય ત્યાં હિંદુસ્તાન પાડોશી દુશ્મન સામે સૈનિક કાર્યવાહી કરવાનું સાહસ કરશે તો કેવાં સમીકરણો મંડાશે એ તો સમય જ કહી શકશે. ઝુલ્ફીકાર અલી ભુટ્ટોએ હિંદુસ્તાન સામે એક હજાર વર્ષ લગી લડી લેવાનો સંકલ્પ જાહેર કર્યો હતો. પાકિસ્તાનના દરેક શાસકને સત્તા પર ટકી રહેવા માટે કાશ્મીર રાગ આલાપવો પડ્યો છે અને પાક આર્મી સમક્ષ આ સંકલ્પ દોહરાવવો પડ્યો છે. મોદીએ આઝાદી પૂર્વે પાકિસ્તાન એ ભારતનો જ ભાગ હતું એની યાદ અપાવીને પાકિસ્તાનના તત્કાલીન નેતાઓ ભારત ભૂમિને વંદન કરતા હોવાનું જણાવ્યું છે. સાથે એક જ દિવસે આઝાદ થયેલ બે મુલકો પૈકી ભારત દુનિયામાં સોફટવેરની નિકાસ કરે છે અને પાકિસ્તાન આતંકવાદીની નિકાસ કરે છે, એવો કટાક્ષ પણ કર્યો છે, પરંતુ આવી ગર્જનાઓથી આતંકવાદીઓના આશ્રયદાતા પાકિસ્તાનની આંખો ખૂલશે ખરી? એ તો ઊલટાનું બલુચિસ્તાનમાં આતંકવાદ ફેલાવવા માટે ભારત જ પર જ દોષનો ટોપલો ઢોળથા રહેશે.

# સાધુ બની સંસાર છોડે તો પણ પત્નીને ભરણપોષણ ચુકવવું પડે : ગુજરાત હાઈકોર્ટ

**સંસાર છોડવાથી સાંસારીક જવાબદારીમાંથી વ્યક્તિ છટકી શકે નહિ**




નામદાર ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં પુરૂષની ભરણપોષણની પીટીશન ફગાવતા ઐતિહાસીક ચુકાદો આપતા જણાવ્યું છે કે વ્યક્તિ સંસાર છોડી સાધુ થઈ જાય તો પણ પત્નીના ભરણ પોષણની જવાબદારીમાંથી છટકી શકે નહિ.

બેન્ક ઓફ હૈદરાબાદમાં નોકરી કરતા સુનિલ અચાનક નોકરી તથા સંસાર છોડી વિશ્વ જાગૃતિ મીશનના આનંદ ધામ આશ્રમમાં સંયાસ લઈ સાધુ થઈ ગયો. નોકરી કરતા સુનિલ ૧૧૦૦૦ જેટલો પગાર મેળવતો હતો ફેમીલી કોર્ટમાં સુનિલની પત્ની અલકાએ કરેલ હિન્દુ મેરેજ એકટની કલમ ૧૨૫ મુજબ ભરણપોષણની અરજી લગત નામદાર ફેમીલી જજે સુનિલને માસીક ૩૫૦૦ પત્ની અલકાને ભરણપોષણ પેટે ચુકવવા હુકમ કરેલ તેનાથી નારાજ થઈ સુનિલે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં હુકમને પડકારેલ અને જણાવેલ કે પોતે સંસાર છોડી સાધુ બની ગયો હોય તેની કોઈ જ જવાબદારી પત્નીના ભરણપોષણની રહેતી નથી કારણ કે હવે તેમના પતી પત્ની તરીકેના કોઈ જ સંબધો રહ્યા નથી તેથી નીચલી કોર્ટના રૂા.૩૫૦૦ દર માસે પત્નીને ચુકવવાનો હુકમ રદ બાતલ ઠરાવવો જોઈએ.


નામદાર હાઈકોર્ટે સુનિલ ઉદાસીની દલીલો તથા પીટીશન ફગાવી ફેમીલી કોર્ટના હુકમને યથાવત રાખતો હુકમ કરી જણાવ્યું કે કોઈ પણ વ્યક્તિ સાધુ બની જતા પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહિ. આનંદ ધામ આશ્રમના વડાના પત્રને પણ નામદાર કોર્ટે ફગાવેલ કે સુનિલ ઉદાસી સાધુ તરીકે આશ્રમમાં નિઃશુલ્ક સેવા બજાવે છે તથા સુનિલ પોતાનું જીવન ધાર્મીક તથા સામાજીક કાર્યોને સમર્પીત કરેલ છે. નામદાર જજશ્રીએ સ્વસ્થ અભિગમ અપનાવી જણાવેલ કે સુનિલ્નું પ્રથમ સામાજીક કાર્ય તથા જવાબદારી પોતાની પરણિત સ્ત્રીનું ભરણપોષણ કરવાની છે. સમાજ સેવાનું નહિ સમાજ સેવા તથા ધાર્મીક કાર્યનું ઉત્તરદાયત્વ નિભાવવા સામે નામદાર કોર્ટને કોઈ જ વાંધો નથી પરંતુ સુનિલનું પ્રથમ ઉત્તરદાયત્વ પોતાની પત્નીની દેખભાળ, સારસંભાળ, દવાદારૂ તથા ભરણપોષણની છે તેમાંથી તે સાધુ થવા માત્રથી છટકી શકે નહિ. સાધુ બનતા પહેલા સુનિલે પોતાની સામાજીક લગ્ન જીવનની જવાબદારીમાંથી મુક્ત થવા માટે પત્ની સાથે કાયદેસરના છૂટાછેડા મેળવવા જોઈએ તેમજ પત્નીના કાયમી ભરણપોષણની એલેમની રકમની વ્યવસ્થા કર્યા બાદ તે સાધુ થાય તો તેમાં સમાજ કે નામદાર કોર્ટને કોઈ જ વાંધો હોઈ શકે નહિ. સુનિલ આવી કાયદેસરની પ્રક્રિયાને અનુસર્યા સીવાય લગ્ન સંસ્થાની જવાબદારીમાંથી છટકવા સાધુત્વનો આંચળો ઓઢવા માત્રથી છટકી શકે નહિ.

જે વ્યક્તિ પોતાના ઘર કુટુંબ કે પત્નીની સેવામાં ઉણો ઉતર્યો હોય નપાણીયાતો સાબીત થયેલ હોય તે વ્યક્તિ ભગવા પહેરી સમાજની શું સેવા કરવાનો? આવા બૌદ્ધીક પ્રશ્નોને બાજુએ મુકી સમાજના મોભાદાર આગેવાનો આવા વ્યક્તિને પૂજે છે જેને જોઈને આમ જનતા આવા લોકોના ભ્રામીક જાળમાં ફસાય છે પરિણામે સમાજમાં વ્યભીચાર આચરી ગુન્હાખોરીની પ્રવૃત્તિને આવા કહેવાતા ભગવાધારીઓ પ્રોત્સાહન આપી પોતે ભોગ વિલાસમાં રાચતા હોય છે. મોંઘા મોબાઈલ, વૈભવી ગાડી, આશ્રમો તથા ચેલા, ચેલકીઓની માયાજાળથી સમાજને આંજી નાંખી પોતાનો ઉદ્દેશ સિધ્ધ કરતા રહે છે કેટલાય લોકો ગુન્હો આચરી સજાથી બચવા ભગવા ધારણ કરે છે.

ભારતમાં દોઢ કરોડથી વધારે સાધુઓ છે જે કુલ વસ્તીના ૧૦ ટકા જેટલું પ્રમાણ છે પરંતુ કહેવાતા સાચા દિક્ષા લીધેલા બ્રહ્મચારી સાધુઓનું પ્રમાણ એક ટકાથી પણ નહીવત છે. મોટા ભાગના લોકો કામચોર, આળસુ અને લોકોના પૈસે એસઆરામ કરવાની ટેવવાળા છે તેમનામાં સાધુત્વનો એક અંશ પણ જોવા મળતો નથી. ભગવાનું ભક્તિ, સેવા કે ધર્મપરાયતાને તેમની સાથે ન્હાવા નિચોવાનો ય સંબધ નથી હોતો માટે જ સ્વામી સચ્ચીદાનંદજી યુવાનોને ''સાધુ બનવા કરતા સીધા'' બનવાની સલાહ આપે છે. સમાજમાં સાધુઓ કરતા કર્મયોગીઓની

અનુસંધાન પાના નં. ૭ પર

# દરેકને પોતાની અંગત જીંદગીની ગરિમા જાળવવાનો પૂરેપૂરો હક્ક છે



એક નાનકડું બાળક ખોવાયું. એના પરિવારજનોએ એક મેસેજ તેના ફોટા સાથે વોટ્સએપ પર મૂક્યો અને એ બાળક મળી ગયું. વોટ્સએપને આ માટે ખાસ આભાર માનવો પડે. હવે લગભગ ત્રણ મહિનાથી પણ વધુ થઈ ગયું હોવા છતાં આ બાળક શાળાએ જઈ શકતું નથી. કેમ ? કારણ કે જયારે પણ લોકો તેને જુએ છે, તરત તેને ઘરે મૂકી આવે છે કારણ કે પેલો મેસેજ હજુ વોટ્સએપ પર ફરી રહ્યો છે!

આમ તો આ વાત સાવ હાસ્યાસ્પદ લાગે પણ શાંતિથી વિચારીએ તો ખ્યાલ આવે કે વોટ્સએપ પર ફરતા મેસેજીસ્‌ની કેટલી બધી અસર આપણા પર થાય છે. જાણે-અજાણ્યે કેવડી મોટી જવાબદારી આપણે શિરે આવી પડી છે! સૌથી પહેલાં છાપા તથા રેડિયો એ બંને માધ્યમ દ્વારા લોકો સુધી માહિતી પહોંચતી હતી. ત્યારબાદ ટીવીનો તેમાં ઉમેરો થયો. પણ ટીવી, રેડિયો કે છાપામાં આવતી આ તમામ વિગતો, તમામ માહિતી પૂરેપૂરી ચકાસણી કે ખરાઈ કર્યા બાદ જ આપણા સુધી પહોંચાડવામાં આવે છે. એક પ્રકારની નૈતિક જવાબદારી આ તમામ માધ્યમોની રહેતી હોય છે અને તે છે સમાચાર કે વિગતો કે કોઈ પણ ગંભીર વાતની ગરિમા જાળવવી! હવે જયારે વોટ્સએપ અને ફેસબુકના માધ્યમ દ્વારા તમે કોઈ મેસેજ ફોરવર્ડ કરો છો ત્યારે તમે એક ક્ષણ માટે પણ તેની ખરાઈ કરવી જોઈએ કે નહિ તેનો વિચાર કર્યો છે? ના, માત્ર એક બટન દબાવવાથી આ પ્રકારનો મેસેજ વાયરલ થઈ જાય. તે નૈતિક રીતે ખરું છે કે ખોટું, હકીકતમાં તે કેટલે અંશે યોગ્ય છે એવી બધી બાબતોનો વિચાર સુદ્ધાં આપણે કરતાં નથી!

સવારના પહોરમાં ઊઠતાંની સાથે જ સૌથી પહેલા હાથમાં મોબાઈલ લેવાની આપણને સૌને ટેવ પડી છે અને મોબાઈલ હાથમાં લેતાની સાથે જ પહેલો જ મેસેજ એ હોય કે આ દેવી-દેવતાઓનો ફોટો ૧૦ કે ૧૫ વ્યક્તિઓને તરત Share કરો નહિતર આટલા દિવસમાં કંઈક અશુભ થશે. આપણે સૌએ આવા મેસેજીસ જોયા છે અને કયારેક ફોરવર્ડ પણ કર્યા છે. મોટાભાગના લોકો આ મેસેજીસને અવગણીને તેને ડીલીટ કરી નાખે છે પણ કયારેક માણસ હતાશાથી ઘેરાયેલો હોય, કોઈક પ્રકારના ટેન્શન કે તકલીફમાં હોય તો 'ડૂબતો તરણું ઝાલે' એ ન્યાયે આ મેસેજ ફોરવર્ડ કરી દેતો હોય છે. ખરેખર આ પ્રકારના મેસેજીસ્‌નું મહત્ત્વ કેટલું? એ વિચારવા યોગ્ય બાબત છે.




ઘણીવાર લોકો જોયા જાણ્યા કે સમજ્યા વિના જ કોઈના મૃત્યુ કે કોઈના લગ્નની અફવાના મેસેજીસ્ ફોરવર્ડ કરી નાખે છે, સેલીબ્રિટીસને લગતી બિનજરુરી Gossips પણ આ પ્રકારના મેસેજીસનો જ એક ભાગ છે. શું તમે કયારેય એવું વિચાર્યું છે કે દરેકને પોતાની અંગત જીંદગીની ગરિમા જાળવવાનો પૂરેપૂરો હક્ક હોય છે. જાહેરમાં તેની વાત કરીને તમે કોઈની જીંદગીમાં દખલગીરી કરી શકો નહિ. ખાસ કરીને જયારે કોઈ વિશેષ હોદ્દા કે પદ પર પહોંચેલી વ્યક્તિ માટે તેની ઈમેજ કે તેની છબિ વિશેની જાગૃતતા હોવી એ અત્યંત સાહજિક બાબત હોય છે. આપણી માનવતા કે સંવેદનાઓ સાવ મરી પરવારી હોય એ જાતનું હીન વર્તન આપણે કઈ રીતે કરી શકીએ? કોઈ વ્યક્તિ તકલીફમાં હોય ત્યારે સૌથી પહેલું કાર્ય તેની મદદ કરવાનું હોય કે તેની કફોડી સ્થિતિ વિશેનો વીડિયો કે મેસેજ અપલોડ કરવાનું હોય? કોઈની પંચાત કરવી કે કોઈના અંગત જીવનમાં ડોકીયું કરવું અને કોઈની કાળજી લેવી કે Care કરવી એ બંને વચ્ચે એક પાતળી ભેદરેખા હોય છે જે આપણે સમજવું પડશે અને તેની ગરિમા જાળવવી પડશે. આજે તમે જે વીડિયો જોઈને કોઈની હાંસી ઉડાવી રહ્યા છો, કાલે એ જ પરિસ્થિતિમાં તમે પણ મૂકાઈ શકો છો. તે જ રીતે મદદ માટેની બૂમો પાડતી લાચાર મજબૂર વ્યક્તિને પોતે જાતે મદદ કરો અને તે શક્ય ન હોય તો તેના વીડિયો કે ફોટોગ્રાસ લેવાને બદલે મોબાઈલથી જે - તે જગ્યાના સ્થાનિક પોલીસ અધિકારી કે સામાજિક સંસ્થાઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કરો. જેથી કોઈ અનિચ્છનીય બનાવ બનતો અટકાવી શકાય અને એક માણસ તરીકેની આપણી ફરજ અદા કર્યાનો સંતોષ અનુભવી શકાય.

આપણે પોતાની જાતને એ પ્રકારે ટ્રેઈન કરવી જોઈએ કે અમુક ચોક્કસ પ્રકારના મેસેજીસ જ વોટ્સએપ કે ફેસબુક કે કોઈ પણ સોશિયલ મીડિયા પર મૂકીએ. પહેલા નક્કી કરીશું અને પછી જો એ જ પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરીશું તો એ ટેવરુપ બની જશે, પણ બાંધછોડ કરીશું તો આપણે આપણી જાતને જ વફાદાર નહિ રહી શકીએ. શબ્દોની કે મેસેજીસની રચના પણ જો વ્યવસ્થિત ન હોય તો એ અરુચિકર બની શકે છે માટે એ વાતનું ખાસ ધ્યાન રાખી. આપણી ઉપર આવતા થોકબંધ મેસેજીસ્‌માંથી અગત્યના કે ઉપયોગી મેસેજીસ્ જ ધ્યાનમાં લેવાની જાગૃતિ કેળવવી એ આપણા હાથમાં છે. કોઈ વાત સાચી છે કે ખોટી તેની ખરાઈ કરવી એ ખૂબ આવશ્યક છે. થોડોક પણ સંશય મનમાં હોય તો તે મેસેજ ફોરવર્ડ ન જ કરવો. કલ્પેશ ભટ્ટ લખે છે તેમ,

''લાવ થોડીક માવજત વિચારોની પણ કરી લઉં,
કહે છે પ્રદુષણે હવે નવા પ્રકારે વિકસવાનું શરું કર્યું છે.''

- nehalgadhavi101@gmail.com

# વિજયભાઈના વિજયની નરેન્દ્ર-જડીબુટ્ટી




સંયોગ એવો છે કે વડા પ્રધાન અને ગુજરાતના પનોતાપુત્ર નરેન્દ્ર મોદી હવે વારંવાર ગુજરાત આવવાના છે કારણ વિધાનસભાની ચૂંટણી આવી રહી છે, પણ એમના સત્તાવાર કાર્યક્રમો પણ ગોઠવાયે જાય છે. હવે આગામી ૧૦ જાન્યુઆરીના આઠમા વાઈબ્રન્ટ સમિટ માટે વડા પ્રધાન મોદી નવમી જાન્યુઆરી ૨૦૧૭ના રોજ આવી જાય એવું ગોઠવાયું છે. એ પહેલાં પણ એમના કાર્યક્રમોનું આયોજન વિજયભાઈની વિજયકૂચ માટે થઈ શકે. હમણાં હમણાં બે વાર વડા પ્રધાન વતન રાજ્યમાં આવી ગયા. સૌરાષ્ટ્રની 'સૌની' યોજનાના પ્રથમ તબક્કાનું ઉદઘાટન કરવા નિમિત્તે અને પોતાના જન્મદિન ૧૭ સપ્ટેમ્બરના રોજ માતા હીરાબાના આશીર્વાદ લેવા આવ્યા. એ ટાણે લીમખેડામાં આદિવાસીઓ અને નવસારીમાં દિવ્યાંગ બાળકો સાથેના સત્તાવાર કાર્યક્રમો નિમિત્તે પ્રજા સમક્ષ હાજર થયા. યોજનાઓનું બીજારોપણ તો હતું તત્કાલીન મુખ્ય પ્રધાન આનંદીબહેન પટેલનું, પણ યોજનાઓનાં ઉદઘાટનનો પ્રસંગ આવ્યો એટલામાં તો વિજયભાઈ રૂપાણી મુખ્ય પ્રધાન પદે આવી ચૂક્યા હતા. અગાઉ કેશુબાપાના પરિશ્રમનો મોલ લણવાની તક નરેન્દ્રભાઈને રાજમાર્ગોનાં ઉદઘાટનમાં મળી જ હતી એવું જ.

આઝાદી પૂર્વેના અંગ્રેજશાસને પણ જે કાંઈ કર્યું, વારસામાં સ્વતંત્ર ભારતની સરકારોને મળ્યું અને એમાં ઉમેરણ પણ થતાં રહ્યાં છતાં કેટલાક ભાજપી શાસકોને કોંગ્રેસના શાસનને યશ આપવાનું ગમતું નથી. શાસન એ સતત ચાલતી પ્રક્રિયા છે. એમાં સારું-નરસું થતું રહે અને પ્રજા સત્તાધીશો બદલતી રહે છે. ૪૯-૫૧નો લોકશાહીનો ખેલ સ્વીકૃતિ પામ્યો છે. અન્યથા ફ્રાન્સ જેવું ૫૦ ટકાથી વધુ વૉટ મેળવવાનું અનિવાર્ય બનાવાય તો ભારતમાં કોણ જાણે કેંક કેટલીય વાર ચૂંટણી યોજીને ધાર્યા આંકે પહોંચી શકાય! વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પક્ષને માત્ર ૩૧ ટકા મત મળ્યા, પણ લોકસભામાં ભારે બહુમતી બેઠકો મળી એટલે પ્રજાની એમની કનેથી અપેક્ષાઓ પણ એટલી જ વધી જાય છે.

ગુજરાતમાં મુખ્ય પ્રધાન તરીકે ઑક્ટોબર ૨૦૦૧માં નરેન્દ્ર મોદી દિલ્હીથી આવ્યા ત્યાં લગી એમણે ક્યારેય સરપંચની પણ ચૂંટણી લડી નહોતી. એમણે મુખ્ય પ્રધાન તરીકેના શાસનની ધુરા સંભાળી એ પછી ભાજપ માટે હરખના જ સમાચાર મળતા રહ્યા છે. બિહાર, બંગાળ અને દિલ્હી વિધાનસભાના માઠા સમાચાર ભાજપ, સંઘ અને નરેન્દ્રભાઈ પચાવી શક્યા, પણ ગુજરાતનો ગઢ ગુમાવવો પરવડે નહીં. નરેન્દ્રભાઈના ભક્તોની દૃષ્ટિએ મોદીયુગ બેઠો ત્યારથી એટલે કે ઑક્ટોબર ૨૦૦૧થી અને સંઘની દૃષ્ટિએ કેશુબાપાના વડપણ હેઠળ ૧૯૯૫ના માર્ચમાં ભાજપની સરકાર રચાઈ ત્યારથી ભગવી પાર્ટી માટે ઓચ્છવના જ દિવસો છે. એમ તો શંકરસિંહ વાઘેલાની ખજૂરાહોવાળી સરકાર પણ સંઘના સ્વયંસેવકની જ સરકાર ગણાવી શકાય. આવતી ચૂંટણીમાં સત્તા મેળવવા હરખપદૂડા એવા શંકરસિંહની સોગઠી વાગે તો પણ નાગપુરના સંઘના મુખ્યાલયે તો મીઠાઈ વહેંચવાનો જ પ્રસંગ આવે એવું સમજવું.

સંઘમાં સ્વયંસેવક કાયમ માટે હોય છે એ વાત હમણાં પાછી સંઘના સત્તાવાર પ્રવક્તાએ જ નથુરામ ગોડસેના સ્વયંસેવક હોવાની વાતને સ્વીકારીને પુનઃ પ્રતિપાદિત કરી. તેમણે ઉમેર્યું જરૂર કે ગોડસેના ગાંધીજીની હત્યાના દુષ્ટકૃત્યને સંઘ વખોડે છે અને એના દુષ્ટકૃત્ય પાછળ સંઘનો હાથ હોવાની વાત નકારે છે. સ્વાભાવિકપણે સંઘના પ્રવક્તાની વાતને સાચી માનવા પ્રેરાવું પડે. સંઘ કે અન્ય કોઈ સંગઠનનો કોઈ કાર્યકર કાંઈ કરે એના દોષનો ટોપલો સંઘને કે અન્ય સંગઠનને શિરે લાદી શકાય નહીં. ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં સ્વયંસેવકો વચ્ચેનો મુખ્ય જંગ રહેશે. ગોવા પ્રકરણને ટાઢું પાડવા માટે સંઘ થકી જે ભૂમિકા લેવાઈ એ પણ સાચી છે કે સંઘનો સ્વયંસેવક કોઈ પણ રાજકીય પક્ષમાં જોડાઈ શકે છે. પી. વી. નરસિંહ રાવ પરભણીના બાળ સ્વયંસેવક ગણાય અને વસંત સાઠે તો આજીવન સ્વયંસેવક. આ બેઉ ઉપરાંત બીજા અનેક કૉંગ્રેસી વડાં પ્રધાન ઈંદિરા ગાંધીના લાડકા કૉંગ્રેસી નેતા અને સ્વયંસેવક તેમજ પ્રધાન તેમજ વડા પ્રધાન તરીકે પણ સ્થાન પામી શક્યા હતા. આવતા દિવસોમાં સત્તા અને વિપક્ષ બેઉમાં ગુજરાત સિવાયનાં રાજ્યોમાં પણ નાગપુરની વાત માનનારા સ્વયંસેવકોના રાજકીય પક્ષ હશે એટલી ભવિષ્યવાણી નિઃસંકોચ આજના તબક્કે કરી શકાય.

વર્ષ ૨૦૦૩માં નરેન્દ્ર મોદીના વડપણવાળી ગુજરાત સરકારે વાઈબ્રન્ટ સમિટના આયોજન થકી વિશ્વસ્તરે પોતાના પ્રભાવને પાથરવાનો શુભારંભ કર્યો ત્યારથી જ એમના દિલ્હી જવાના સંકેતનો રોડમેપ તૈયાર થઈ ચૂક્યો હતો. ચોવીસ કલાકના જાગતા રાજનેતા મોદી એકસાથે અનેક ક્ષેત્રે કામમાં લક્ષ આપતા રહ્યા છે. એમને સંઘનું પીઠબળ જરૂર મળ્યું, પણ દૂરગામી આયોજનોની સફળતા માટે જે કાંઈ અનિવાર્ય જણાય એ મેળવવામાં એમને સંઘનાં બંધન ક્યારેય નડ્યાં નથી. નરેન્દ્રભાઈની રાજકીય સફળતાનું રહસ્ય આ એક જ કથનમાં સમાઈ જાય છે. નોખું કરવું અને નંબર વન થવું એના ધખારા એને થાકવા દેતા નથી. એમની સાથે દોડનારા માણસોને પણ એ જંપવા દેતા નથી. સો ટકા સમર્પણભાવ સાથે એમની ટીમમાં જોડાવા સક્ષમ વ્યક્તિ એની પોતીકી બની શકે, બાકીના એની આસપાસના વર્તુળની સીમા પરના પ્રેક્ષક જ બની શકે.

વાઈબ્રન્ટ ઉત્સવોને કૉંગ્રેસના સત્તાધીશોએ તાયફા ગણાવ્યા, પણ મોદી કેન્દ્રની કૉંગ્રેસ સરકારોના આ તાયફાઓને જીતી લેવાની કવાયતમાં જોડાઈને મનમોહન સરકારને દિલ્હીથી ગાદીએથી ગબડાવવાનાં યોજનાબદ્ધ આયોજન કરતા રહ્યા. એ સફળ પણ થયા. વાઈબ્રન્ટ ઉત્સવોમાં મૂડીરોકાણના મોટા આંકડા અને રોજગારી અંગેની લોભામણી તકોની ગાજવીજ ખૂબ થઈ, પણ એના પાલનમાં રહેલી કચાશોને રેણ કરીને કે પછી ખાનગી ક્ષેત્રની રોજગારીને ગુજરાતની રોજગારીના આંકડાઓમાં મેળવીને કે ખાનગી ઉદ્યોગોમાં નોકરી અપાવવાના ઉત્સવો સરકારી ધોરણે યોજવાનું આરંભીને પણ મોદીએ પ્રજા અને પરદેશીઓને આંજી નાંખ્યા. કૉંગ્રેસ એમની ટીકા-ટિપ્પણમાં રહી. મોદી આક્રમક રહ્યા, કૉંગ્રેસ બચાવપક્ષે રહી. સત્તામાં હોવા છતાં બચાવની દુર્ગતિમાં કૉંગ્રેસની નૈયા ડૂબી ગઈ.

મોદીના પેંગડામાં પગ ઘાલવાનું ઢીલાપોચાનું કામ નહીં, પણ વાઈબ્રન્ટના સમારંભો અને મહાત્મા મંદિરનાં સ્થાપત્યો મૂકીને નરેન્દ્રભાઈ દિલ્હીશ્વર બન્યા પછી એમના પગલે ચાલવાનું એમના અનુગામીઓ માટે સરળ બન્યું. દરેક વ્યક્તિ નોખો ચીલો ચાતરી શકે એવું નથી. મોદીના મારગ આગળ વધવા માટે પણ અનુગામીઓએ પરસેવો પાડવો પડે. વાઈબ્રન્ટ ૨૦૧૭ના જાન્યુઆરીમાં નોબેલ પારિતોષિક વિજેતાઓને તેડાવાશે, મૂડીરોકાણની તકો અને ધંધા રોજગાર તો ચાલશે, પણ આઠમી વાઈબ્રન્ટ સમિટને વડા પ્રધાનની હૂંફ સાથે ૧૪ જેટલા દેશોની એમાં સહભાગિતા (પાર્ટનરશિપ) પણ ખૂબ નિર્ણાયક બની રહેવાની. અત્યાર લગી અમેરિકા, ઓસ્ટ્રેલિયા, થાઈલેન્ડ સહિતના આઠ દેશોની સહભાગિતા નોંધાઈ ચૂકી છે.

ગુજરાતમાં રોકાણ કરનારી કંપનીઓએ ૮૫ ટકા સ્થાનિકોને

અનુસંધાન પાના નં. ૭ પર